સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

છે ઇ એક (પ્રધાન)મંડળનું નાટક ભજવાય છે,
'નિષ્ણાત' નથી કોઇ માત્ર સંબંધો સચવાય છે!
ગૂંચવાય છે સમીકરણ જિલ્લા અને જ્ઞાતિનાં -
'પ્રતિનિધિત્વ'ની પડોજણે સાચા પજવાય છે!

શાસન સિંહે
બોડમાંથી નીકળી -
કરી ડણક..
(કેન્દ્રની ટીકા શરૂ)

છે લાલબત્તી,
ઉજવણીઓ સામે -
'સુરક્ષા.' માંદી..
(વેન્ટીલેટર પર)

ચિંતન

ક્ષુત્તુડાશાઃ કુટુંબીન્યો મયિ જીવતિ નાન્યગાઃ ।
તાસામાશા મહાસાધ્વી કદાચિન્માં ન મુંચ્યતિ ॥

'ભૂખ, તરસ અને આશા (તૃષ્ણા) એ ત્રણ મારા ઘરની-મારી પત્નીઓ જેવી છે હું જીવું છું ત્યાં સુધી તે બીજા કોઇની પાસે જનારી નથી; તેમાં પણ આશા (તૃષ્ણા) તો મોટી સાધ્વી-સતી જેવી છે, એટલે એ તો મને કદી પણ છોડવાની નથી.'

માણસ જન્મતાંની સાથે પેટ ભરવાની પળોજણમાં પડી જાય છે અણસમજુ-વિચારશક્તિ વિનાનું-આંખ પણ ખૂલ્યા પહેલાં 'ભૂખ' લઇને જ આવે છે. 'રડવા'ના સંકેતથી માગણી મૂકે છે. તે છેક મૃત્યુશૈય્યા સુધી-પથારીમાં પડ્યા પછી-જતા જતાં પણ એક ફરિયાદ તો દર્દી કરે છે 'ખવાતું નથી!'

તરસ-તૃષા પણ એવી તીવ્ર લાગણી છે કે કંઠ શોષ પામે ત્યારે 'પાણી' ખૂબ યાદ આવે-જૈનોના અપવાસ કે 'નિર્જળા' કરનારને જ આ અનુભૂતિ હોય છે.

..અને 'આશાઓ' એક પૂરી થઇ નથી અને બીજીનો જન્મ થઇ જ જાય છે. માયા-મમતા-પ્રેમ-કે ભૌતિક સુખોની અપેક્ષાઓનો કદાપિ અંત આવતો નથી. મજૂરીમાં-ફળ વેંચી પેટનું ગુજરાન ચલાવનાર 'કરોડો' કમાયા પછી ટુંકી સ્પેક્ટ્રમના કમીશન-કટકી કરે જ છે.

કવિ ભૂખ-તરસ-તૃષ્ણાને પોતાની પત્ની જેવી કહે છે એમાં પણ 'તૃષ્ણા' નામની સ્ત્રી તો જાણે પ્રતિવ્રતા છે કોઇ પણ સંજોગોમાં મનરૂપી પતિનો કદાપિ ત્યાગ કરતી નથી 'પડછાયા'ની જેમ સાથે જ રહે છે.

સુવિચાર

- ચિંતા કરવાથી કંઇ આવતીકાલનો વિષાદ ઓછો થતો નથી, ઉલ્ટું તમારી આજની શક્તિ ઘટે છે - **કોરી ટેન બૂમ**
- જેનામાં સદ્‌બુધ્ધિ અને વિવેકનો વાસ છે એ વ્યક્તિ પરમ સુખી છે - **હેંગ્ટ સિરેરા**
- માનવીની કસોટી તેનામાં રહેલ વિવેક અને નમ્રતા પરથી થાય છે - **રસ્કિન**
- શઠની આગળ વિનય નકામો છે, ફુટિલની સાથે પ્રીત નકામી છે - **ચાણક્ય**
- ભલાઇનો માર્ગ કઠિન છે પણ તેનું પરિણામ ઉત્તમ હોય છે - **દયાનંદ સરસ્વતી**
- દુર્જન તરફ ભલાઇ કરવી એ સજ્જનની સાથે બૂરાઇ કરવા બરાબર છે- **શેખ સાદી**
- મનને ખૂશ રાખવું એ એક વાત છે પણ મન અંદરથી ખૂશ હોવું એ અલગ વાત છે - **એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

આપણા નેતાઓ રાજકારણની 'રમત' અને 'દોરડા ખેંચ' અને એકમેકને પછાડવાની મલ્લ કુસ્તી કે સોપારી દ્વારા શ્વાસ દબાવી દેવાની 'કબ્બડી'માંથી જ ઉચ્ચાં નથી આવતા પછી વિશ્વ ચેમ્પિયન સંઘમાં સસ્પેંડ થાય જ? ખેલાડીઓ અને ખેલકૂદમાંથી 'કલમાડીઓ' કમીશન ખાય - એ રમતગમત અને રમતવીરોને શું પ્રોત્સાહન આપે?!

એક તરૂણ વિદ્યાર્થી જમૈકાની હાઇસ્કૂલમાં ભણતો હતો. 'તારૂણ્ય'માં તરવરાટ વધારે હોય છે તરૂણો 'માનસિક' પ્રેમમાં આકર્ષાઇ કોઇ તરૂણી પાછળ ગાંડા હોય છે અને વિના કારણે હૈરાન થતા હોય છે.

એ તરૂણ દોડવીર હતો. સો મીટર દોડમાં અનેકવાર ચંદ્રકો મેળવી આવ્યો હતો તેના કોરો એમાં 'ઓલંમ્પીક' વિજેતાના ચિન્હ જોયાં - તેને પ્રેકટીસ કરાવવા પ્રેરણા આપતા પણ તરૂણ કાર્લ, જેનીફર નામની તરૂણી પાછળ ખોવાયેલો રહેતો, એની સાથે જ તે ભણતી હતી. કોયે તેનો સંપર્ક સાધ્યો અને સો મીટરના રન-વેના બીજે છેડે તેને ઉભાડતા.

પછી દસ દોડવીર સાથે કાર્લને કહેતા, જા દોડ તું સૌથી પહેલો સામે ઊભેલી જેનીફરને ભેટી પડ! અને કાર્લ દોડતો - જીતતો..

કાર્લ લૂઇસે ૨૦૦૦ની સાલમાં જમૈકા તરફથી ૧૦૦ મીટર દોડનો સૂવર્ણ ચંદ્રક વિજેતા બન્યો.

'અસ્તિત્વનો ઉત્સવ' બન્યો અમૃત મહોત્સવ

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સાહિત્ય સમાચાર સેતુ

આજે 'અસ્તિત્વનો અનેરો ઉત્સવ' એટલે કે શિક્ષણવદ્ ડૉ. પ્રતાપરાય પંડ્યાનો અમૃત મહોતસ્વ વડોદરા ખાતે ઉજવાઇ રહ્યો છે.

શિક્ષણવિદ્ અને 'પુસ્તક પરબ' દ્વારા સદ્‌વાચનના યાજ્ઞિક ડૉ. પ્રતાપરાય પંડ્યાના અમૃત મહોત્સવની સુખદ પળોના સહભાગીના સાક્ષી બનવા વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. જેમાં અધ્યક્ષ સ્થાને જાણીતા લોકસાહિત્ય વિદ્ જોરાવરસિંહ જાદવ, અતિથિ વિશેષ ભાગ્યેશ જહા જેઓ આઇ.એ.એસ. તો છે જ પરંતુ એક અચ્છા કવિ પણ છે. તે ઉપરાંત પદ્મશ્રી ડૉ. પ્રવિણ દરજી અને મુખ્ય મહેમાન તરીકે મનસુખ સબ્બા તેમજ જગદીશ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહેનાર છે. તેમ આ અમૃતમહોત્સવ સમિતિ વડોદરાના અધ્યક્ષ સતિશ ડણાક અને મંત્રી હરિશ વટાવવાળા જણાવે છે. ૨૯ ડિસેમ્બર ૨૦૧૨ સાંજે ૫-૩૦ કલાકે આ સમારોહ દીપ ઑડિટોરિયમ, ડૉનર્સ પ્લાઝા, મ.સ.યુનિ. મેઇન ગેટ સામે ફતેગંજ ખાતે સંપન્ન થનાર છે.

અમરેલી જિલ્લાના અડતાલા ગામે ૧૯૩૮માં જન્મેલા પ્રતાપભાઇએ શિક્ષણક્ષેત્રે મૂલ્યનિષ્ઠ સેવાઓ બજાવ્યા બાદ નિવૃત્તિ પછી વધુ પ્રવૃત્ત બન્યા છે. પ્રતાપભાઇએ ૬૪ વર્ષની ઉંમરે લોકસાહિત્યના વિષય પર પી.એચડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમનાં સંસ્કાર ઘડતર કરનારા, ચારિત્ર્ય અને કેળવણી વિષયક લેખો. ગુજરાતના પ્રતિષ્ઠિત દૈનિકો અને સામયિકોમાં સ્થાન પામ્યા છે. તેમના લેખન સર્જકમાં લાગણીનો દસ્તાવેજ, સો ડગલાં સુખનાં, હું કોણ છું?, પૂ.ગાંધી બાપુના પાવન પ્રસંગો, આત્માને ઓળખીએ, જીવનની સાર્થકતા, સર્વજનાઃ સુખીનઃ, પૂ. રવિશંકર મહારાજ, સ્વરાજ પહેલાંના સ્વાતંત્ર્ય વીરો વિગેરે ખુબ મહત્ત્વપૂર્ણ છે.

તેમની સર્જનાત્મક પ્રવૃત્તિ ઉપરાંત સાહિત્ય જ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે વડોદરામાં 'પુસ્તક પરબ' આરંભી તેમની પ્રેરણાથી ગુજરાતમાં ૬૮ ઘર-પુસ્તકાલયો આરંભાયા છે. અમેરિકામાં ડગલાસ ખાતે તેમને આ પ્રવૃત્તિ શરૂ કરી છે. તેમાં તેમને પોતાના અંગત સંગ્રહના રૂા. ૫ લાખના પુસ્તકો ગામડાના પુસ્તકાલયોને ભેટ આપ્યાં છે. ૬૮ જેટલાં પુસ્તકાલયોને સાડા ત્રણ લાખ રૂપિયાનું આર્થિક યોગદાન આપ્યું છે. સાદગણી, સરળતા, વિનમ્રતા, સહૃદયીપણું, અને સમાજને કંઇક આપી જવાની ઉદાત્ત ભાવનાથી ભર્યાં ભર્યાં પ્રતાપભાઇ જીવનની ઉત્તરાવસ્થાએ ઇશ્વરીય આનંદની અનુભૂતિ કરી શકે તેવી તેમની ઉપાસના છે.



'જીવનમાં શિક્ષણનું મહત્ત્વ અદકેરૂં છે. જ્ઞાનના પ્રકાશ વિના અંધારૂં છે.' એ સૂત્ર દ્વારા જ્ઞાનની મહત્તા અને મહત્ત્વ સમજનાર ડૉ. પ્રતાપ પંડ્યાએ તેમની અમેરિકાની યાત્રા દરમિયાન ત્યાંની શિક્ષણ પધ્ધતિ જાણવા માટે ત્યાંની શિક્ષણ સંસ્થાઓની, શિક્ષકોની, શાળા સંચાલકોની અને શિક્ષણખાતાની પણ મુલાકાતો લીધી હતી. અને તેમના વિચારો જાણ્યા હતા. ત્યારે તેમના વિચારોથી અને શિક્ષણ પધ્ધતિથી એ ખુબ જ પ્રભાવિત થયા. તેની સાથે સાથે આપણી શિક્ષણ પધ્ધતિ સાથે તેની તુલના કરવા લાગ્યા. ત્યારે તેમને લાગ્યું કે આપણી શિક્ષણ પધ્ધતિમાં આમૂલ પરિવર્તનો કરવાની જરૂર છે. એ સંદર્ભે તેમણે ગુજરાતના રાજયપાલશ્રીને તેમજ શિક્ષણ સાથે સીધો સંબંધ છે. એવા નાગરિકોને, શિક્ષણ સંસ્થાના સંચાલકોને, અધિકારીઓને, ગુજરાતના શિક્ષણખાતાને પણ પત્રો લખ્યા હતા. કારણ કે તેમને શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શિક્ષણ સંસ્થાઓની પણ ચિંતા હતી. શિક્ષણનો અર્થ અને હેતુ, શિક્ષણની સમસ્યા, મુલ્યનિષ્ઠ શિક્ષણ, કેળવણીનો અર્થ, કેળવણી દ્વારા ઉન્નતિ અને પ્રગતિ, જીવનવિકાસ, બાળવિકાસ વગેરે તેમજ આપણા દેશ સિવાય પરદેશમાં રહેતા ભારતીયો અને ખાસ કરીને ગુજરાતીઓનો ભાષાપ્રેમ અમેરિકાની શિક્ષણ પધ્ધતિ અને બાળવિકાસની વાતોમાં ખુબ જ આકર્ષણ રહ્યું છે. કેળવણીના મુદ્દાઓ ચર્ચાઓ સુધી સિમિત ન રહે અને તેને વ્યવહારિક રીતે સહેલાઇથી અમલમાં મુકી શકાય તેવાં સુચનોનો મોટ ખજાનો ડૉ. પ્રતાપરાય પંડ્યા પાસે છે. જીવનને સંપૂર્ણ રીતે જીવવા માટે વ્યક્તિનો વિકાસ, સમાજમાં સંવાદિતા અને અન્ય માટે સંવેદના આવશ્યક છે. શિક્ષણનું માળખું, અભ્યાસની પધ્ધતિઓ, શાળાનું વાતાવરણ, શિક્ષણ માટેની સુવિધાઓ, વાલીઓની જવાબદારી, શિક્ષકોની સજ્જતા અને બાળકના વિકાસની બાબતમાં તેઓ હંમેશા ચિંતિત રહે છે. તેથી જ તેમને એક વિરલ સંસ્કાર પુરૂષ તરીકે નવાજતાં પ્રવિણ લહેરી સાચે જ કહે છે કે, 'ગુજરાતનો માનવ વિકાસ સૂચકાંક આર્થિક સમૃધ્ધિ છતાં નીચો છે ખાસ કરીને ગુજરાતમાં શિક્ષણમાં વ્યાપ અને ગુણવત્તા અંગે ચિંતા થઇ રહી છે. ત્યારે આજની સૌથી મહત્ત્વની સમસ્યા શિક્ષણ દ્વારા સાક્ષરતા, જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા, કૌશલ્ય, સામાજિક સમાનતા, રોજગારીની વિશેષ તકો, અને ભાઇચારાનું નિર્માણ કરવાની છે. આ બાબતે જો કોઇ કચાશ રહેશે તો ભાવિ પેઢી માટે વિકટ પરિસ્થિતિનું નિર્માણ કરશે.'

શિક્ષણની દશા અને દશા અંગેની ચિંતા કરતા આ શિક્ષણવિદ્ અંગે હરિશ વટાવવાળા કહે છે કે એક કર્મનિષ્ટ શિક્ષણવિદ્‌ની શિક્ષણ અંગેની ચિંતા એમના એકલાની ચિંતા ન બનતાં લોકોની થાય અને લોક સમુદાય દ્વારા નિર્મૂળ કરી શકાય અને 'ભાર વિનાનું ભણતર'ની જે પરિકલ્પના તે સાચા અર્થમાં ફળિભૂત થાય એવો ઉદ્દેશ લઇને એ હંમેશા ચાલ્ય છે. 'શિક્ષક કેવો હોવો જોઇએ તે વિષે ઋગ્વેદમાં જે શિક્ષકની વ્યાખ્યા છે તેને તપાસીએ પોતીકી વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે શિક્ષકનું જીવન નિત્ય નવીન જ્ઞાન આપનાર ફૂવારા જેવું પ્રસન્નતા દાયક રહે અને બોલ્યા વગર જોઇને, જાણીને અને ફૂવારા જેવા જીવનમાંથી વ્યક્તિ ચેતનાવંતી બને, ઉત્સાહી બને ધગશથી કામ કરતી થાય એવી માનવ હસ્તીઓ સર્જવાનું કામ શિક્ષણનું છે.'

રણમાં વીરડી સમાન શિક્ષણને સાચી દિશા ચિંધતા શિક્ષણવિદ્ પ્રતાપરાય પંડ્યાએ શિક્ષણમાં ભારતની અને અમેરિકાની શિક્ષણ પધ્ધતિનો તુલનાત્મક અભિગમ અપનાવીને ભારતીય શિક્ષણ જગતમાં કયાં કયાં પરિવર્તનનો લાવી શકાય તેમ છે તેની પધ્ધતિઓને સરસ અને સંતર્પક રીતે સમજાવે છે ત્યારે એમ લાગે છે કે જો ખરેખર એવું થાય તો કેટલાક આશ્ચર્યજનક પરિણામો શિક્ષણ જગતમાં આવી શકે તેમ છે.

'લાગણી અને સ્વભાવથી ભર્યા ભર્યા માણસ' તરીકે બિરદાવતાં જાણીતા લોક સાહિત્યવિદ્ જોરાવરસિંહ જાદવ કહે છે કે, પ્રતાપ પંડ્યા એટલે 'લાગણીનો દસ્તાવેજ, લેખક, ચિંતક, શિક્ષણવિદ્, પુસ્તકાલય સહકારી મંડળના દૃષ્ટિ સંપન્ન પ્રમુખ, ગુજરાતી સંસ્કૃતિ, સાહિત્ય અને લોકકલાના અઠંગ ઉપાસક, ગુજરાત લોક કલા ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓને અંતરના ઉમળકાથી આવકારનાર સહૃદયી સજ્જન છે.'

શિક્ષણ અને સાહિત્ય જગતના આ મહારથીના 'અસ્તિત્વનો ઉત્સવ' ઉજવાઇ રહ્યો છે ત્યારે શિક્ષણ અને સાહિત્યનું હિત અને હેત જેમના હૃદયમાં વસેલું છે તેવા સૌ સહૃદયી મિત્રો, ભાવકો અને સ્નેહીઓની સાથે મારો સૂર પુરાવતાં તેમને કોટિ કોટિ વંદન સહ અભિનંદન પાઠવું છું.

● કાવ્યસેતુ

મહિયરિયું અતિ વહાલું લાગે!

પૈડ મૂકને સૈયર પિયુની વાટની,
મુને મહિયરિયું અતિવહાલું લાગે!
સખી, સાસરિયું સમણે સંભાળું તોયે,
મુને રૂદિયામાં કંથેરના કાંટા વાગે! ...મુને
માવડી મારી કદી વહેલી ના ઉઠાડે,
કોઇ જ કામ મારેહારૂ બાકી ના રાખે!
હાહુમા મારાં એટલાં બધાં ખાંતીલા કે,
સ્હેજ નવરી થાઉં ત્યાં, ચારકામ ભાખે! ...મુને
પૈણ્યાજી મારા છેલબટાઉ - વરણાગી,
આખો દા'ડો ભટકી, ગામ-ગપાટા હાંકે!
ઘરમાં તો હાંડલાં કુસ્તી કરતાં હોય,
હાહુમા મારાં ફેડકું મારી, ફરતાં ફાંકે! ...મુને
સસરાજી સિધાવ્યા સરગાપુરી વાટે,
પિયુએ ખેતર-ખોરડું મૂક્યાં છે કાંટે!
નણદીને દેવરિયો બાળ-અબૂધ છે,.
જેમ તેમ કરી, પેટ મેં પાળ્યું છે ફાંટે! ...મુને
કોને કહેવી મારી આ વખત વિપદા?
મુને સાસરિયું કડવું-વખ શું લાગે!
કેમ કરી આ આયખું ગૂજારૂં સાસરે?
ભડભડ સળગે મારે સંસાર આગે! ...મુને
સંસાર સાગર તરવો મારે દોહ્યલો,
''દધિ'' મધ્યે નાવડું મારૂં ડોલતું લાગે!
દુઃખનાં ઘોડાપુર કરાલ ચડ્યાં હિલોડે,
કેમે હંકારૂં નાવને, કરાલ થપાટો વાગે! ...મુને

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

માણસ સામા માણસની સ્થિતિનો વિચાર નથી કરતો એમાંથી અનેક પ્રશ્નો ઊભા થાય છે, જો આપણે સામાની દૃષ્ટિથી વિચારીએ તો એની અપ્રમાણિકતા તો માફ કરીએ જ, એ સાથે આપણને વધારે પ્રામાણિક બનવાનું બળ પણ મળે

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

'ચહેરા પરથી માપ નહીં અંદરની હાલત,
સરનામું ક્યાં દર્શાવે છે ઘરની હાલત.'

- મનહર મોદી

આપણ સહુએ થોડે ઘણે અંશે એવું અનુભવ્યું છે કે આખી દુનિયા અપ્રમાણિકતા ઉપર ચાલતી હોય ત્યાં પ્રામાણિક બનીને પણ શું? પરંતુ આ સાથે એ પણ ધ્યાનમાં રાખવું કે દુન્યવી લાભ ખાટવા માટે કોઇ ટૂંકા કે આડા અવળા રસ્તે જવાથી મનમાં જે શાંતિ રહેવી જોઇએ એ તો નથી જ રહેતી. સાથે બીજી પણ એક વાત કે બધાની પાસે શુધ્ધ વ્યવહારની અપેક્ષા રાખવી એ પણ બરાબર નથી. જો બધા જ સારા કે પ્રામાણિક બની જાય તો આખું જગત સ્વર્ગ બની જાય. આપણ સૌ એ પણ જાણીએ છીએ કે સારા બનવું સરળ નથી. તો પછી સામેવાળાને આ મુશ્કેલી નહીં નડતી હોય! એટલા માટે બીજાનો વિષમ વ્યવહાર - અનઅપેક્ષિત વ્યવહારને સહી લેતાં આપણે શીખવું જોઇએ. મોટે ભાગે સૌ કોઇ સામેની વ્યક્તિને સમજવા કે તેની સ્થિતિને સમજવા તૈયાર જ હોતા નથી. આજ ખાટલે મોટી ખોડ છે. સામેની વ્યક્તિની મજબૂરી કે લાચારીને સમજવાનો પ્રયાસ જ કરતા નથી. આ સંદર્ભે ડેલ કાર્નેગીના શબ્દો વિચાર પ્રેરક છે; ''માણસ સામા માણસની સ્થિતિનો વિચાર નથી કરતો એમાંથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. જો આપણે સામાની દૃષ્ટિથી વિચારીએ તો એની અપ્રમાણિકતા તો માફ કરીએ જ. એ સાથે આપણને વધારે પ્રામાણિક બનવાનું બળ પણ મળે.''

એક વડીલે ખૂબ અગત્યનું કામ એક પરિચિતને સોંપ્યું ત્યારે આ વડીલના હિતેચ્છુએ ટકોર કરી કે, ''આ ભાઇનું મન બગડશે તો?'' વડીલે દૃઢતાપૂર્વક કહ્યું, ''ના બગડે'' ''અસંભવ!'' પેલા હિતેચ્છુ બોલી ઊઠ્યા, ''એની શી ખાતરી?'' ત્યારે પેલા વડીલે મક્કમતાથી સ્પષ્ટતા કરી કે, ''સ્વમાની માણસ કયારેય અપ્રમાણિક બનવાનું ન વિચારે.'' આ યુવક સ્વમાની છે એને હું બરાબર જાણું છું. દોસ્તો! સ્વમાન જેને વહાલું હોય એ કયારેય અન્યની નજરમાં નીચે ઉતરવાનું નહીં વિચારે. આપણે જરા વિચારીશું તો સમજાશે કે આ વ્યવહારૂં જગતમાં પાર વગરના ગોટાળા કેમ થાય છે? જે માણસ પોતાની જાતને સામાન્ય માની લે છે એ પોતાના સત્વને સમજતો નથી. એ એ પણ ભૂલી જાય છે કે સાવ સામાન્ય ગણાતો વ્યવહાર પણ સમગ્ર વ્યક્તિત્વ પર ગાઢી અસર છોડી જાય છે. માણસે સતત સ્વ પૃથ્થકરણ કરતો રહે તો જાતને પિછાણી શકે પોતાના વ્યવહારોનું મૂળ હાથમાં આવે ને સમતા ધારણ કરી શકે.

મેં જાત અનુભવે જોયું છે કે ઘણીવાર પારકા વ્યવહાર પરત્વે મનમાં ગૂંચ પેદા થાય ત્યારે જાત પર ગુસ્સો ચડી આવે ને અંતે એવું સમજાય કે આ બધી ગરબડના મૂળમાં વાંક આપણો પોતાનો જ છે. મિત્રો, ધોબી કે કરેલી સીતા નિંદાનો પ્રસંગ જાણીતો છે. મંત્રી સુમંતે રામને કહેલું; ''તમે એ બેય (ધોબી-ધોબણ) જણને દેશવતો આપો.'' રામે કહ્યું, ''એવું કેમ થાય?'' મંત્રીએ જણાવ્યું; આપ રાજા છો. આપને બધા અધિકાર છે. પેલાં તો નીચ છે.

ના, મારાથી એમને અન્યાય ના જ થાય. અમારે ભલે સહન કરવું પડે. પ્રભુ રામચંદ્ર નીચે નહીં જ ઊતર્યા. કારણ ખરા માણસે હંમેશા પોતાની ઊંચી ભૂમિકાએથી કદી નીચે નહીં જ ઉતરવાનું. પ્રભુ રામચંદ્રે કેટલું વેઠ્યું છે. એની જાતને જાણ છે. ભલે પ્રભુએ આ બધું લીલાર્થે કર્યું હોય. આપણા માટે આ બધું ભલે લીલાર્થે કર્યું હોય. આપણા માટે આ બધું ભલે અસંભવ હોય છતાં ઊંચા આદર્શો હંમેશા સિધ્ધિના માર્ગે સરળતાથી દોરી જાય છે. આદર્શ અને વ્યવહાર વચ્ચે સુમેળ સાધવો જોઇએ. ખાસ કરીને આપણે બધા વ્યવહારને જ પ્રાધાન્ય આપીએ છીએ. બીજાને જોઇને જ મોટે ભાગે દોરવાતા હોઇએ છીએ. આપણે કદીયે આપણી પોતાની આગવી રીતે વિચારીએ છીએ ખરા? જાત અનુભવે જોયું છે કે કેટલાયે લોકો સવારે જાગે ત્યારે એને છાપા વગર ચાલતું નથી. એના આખા દિવસનો કાર્યક્રમ તો ઠીક એના વિચારોનો રંગ તો આ છાપા દ્વારા જ પ્રભાવિત થાય છે.

મિત્રો, આપણે કંઇ વિચારધારાનો સ્વીકાર કરવો એ બીજા લોકો નક્કી કરે એ કેવું? વેદરાજે પણ વ્યક્તિની પ્રકૃતિ જાણ્યા ચકાસ્યા પછી જ પથ્ય હોય એવું ઔષધ આપે છે. બધાને એક લાકડીએ થોડા હાંકી શકાય? સાચું જોઇએ તો મોટે ભાગે આપણે સૌ વણવિચાર્યે હંકાર્યે જઇએ છીએ! તણાતા જ હોઇએ છીએ.

માણસે હંમેશા પોતાના દિમાગ અને સૂઝબૂઝનો ઉપયોગ કરતા શીખવું જોઇએ. ''કાંતો રસ્તો શોધીશ કાંતો રસ્તો કરીશ'' આવી મક્કમતાથી આગળ વધવું એ પણ એક સાધના છે. આવું વિચારનાર કયારેય ટોળાને અનુસરસે નહીં. મહાન ચિંતક થોરો શહેરી લોકો - ભદ્ર સમાજ કરતાં ખેતરો - જંગલોમાં વસતા ગમાર ગણાતા પ્રાકૃતજનો વચ્ચે રહેવાનું પસંદ કરતાં. લોકો એમને પૂછતા ત્યારે એનું કારણ જણાવતા કહેતા કે ગામડાના કહેવાતા અબુધ લોકો વધારે સાચ્ચા હોય છે. એટલે મને ગમે છે. કારણ સાચો માણસ ઉદાર હોય છે. આ લોકોની અંતરની ઉદારતા ખૂબ ગમે છે. આપણે તો એવી જ રીતે જીવીએ છીએ કે બીજાને દાહ થાય થાય. અને બીજાને દઝાડવામાં કયાંક કચાશ રહી જાય એની પૂરેપૂરી સભાનતા સાથે જીવનારો પણ એક વર્ગ છે.

દોસ્તો, બીજાના પર પ્રહારો કરો ત્યારે એ ઢાલ ધરી પોતાની જાત બચાવનારને તલવાર ફેંકી ભેટી પડો ત્યારે કેટલું આશ્ચર્ય થાય? મિત્રો... માથાં અથડાય પણ દિલ તો ભેટે... એ એનો ગુણધર્મ છે... ચાલો... આપણે આપણા દિલને સાચ્ચે સાચું ધબકતું કરીએ!!!

-: સ્પર્શમણિ :-

જીવનમાં શીખવાનો પહેલો પાઠ આ છે, કોઇને શીખ ન દેવા અને કોઇ વ્યક્તિ ઉપર દોષરોપણ ન કરવાનો દઢ સંકલ્પ કરો, ખરા મનુષ્ય બનો, ઊઠો - દોષનો ટોપલો જાતે જ વહન કરો, હંમેશાં એ જ સાચું છે એવો તમને અનુભવ થશે.

- સ્વામી વિવેકાનંદ

મારી કરમની કઠણાઇ કે જ્યારે હું મત આપવા ગયો ત્યારે મારાં નામની સામે બટન દબાવવાના બદલે બીજું બટન દબાઇ ગયું, મારો મત પણ એળે ગયો

વ્યંગ હાસ્ય
એક હારેલ ઉમેદવારની દશા, વ્યથા અને કથા...

- મહેન્દ્રભાઈ એસ. રાઠોડ

ચૂંટણી આંખો મીંચતા ચાલી ગઇ... પણ હારેલા ઉમેદવારોને વાગેલા ઘા હજુ રૂઝાતા નથી... ન જ રૂઝાય...! થોકે-થોક હારેલ ઉમેદવારો સૌ પોતપોતાની વ્યથાઓ ઠાલવે છે.

'મેં આવું નહોતું ધાર્યું કે હું હારી જઇશ. જો પેલા ઓતરાદા બારના ત્રણ ગામડાઓએ મારી તરફ મતદાન કર્યું હોત તો હું ચોક્કસ જીતી જાત.'

'કયાથી તારા તરફી મતદાન કરે...!'

'કેમ ભાઇ! મેં કેટલા બધા રૂપિયા પે'લા મોહનીયાને આપ્યા હતા, અને ત્રણેય ગામડા કબજે કર્યા હતા.'

'ભાઇ, તું ભીંત ભૂલેશ!' મોહનીયાએ તો તારા બધા રૂપિયા ગજવામાં ઘાલી દીધા અને પ્રજાને ચા-પાણી-ખમણ ને ઢોકળાં ખવરાવી દીધા. ખમણ-ઢોકળાંમાં તને કોણ મત આપે?'

'ના ભાઇ, ના. મોહનીયો તો આવું કરે નહિ...'

'અલ્યા, હજુ તો તું મુરખ જ રહ્યો, તને તો હમજણ પડતી જ નથી. સામાવાળા ઉમેદવારે તારા મોહનીયાને સાધી લીધો. તેને ખાનગીમાં નોટો ભરેલ પર્સ આપી દીધું, હવે તુંજ વિચાર કર તને મત કોણ આપે...!'

'હાય-હાય!! આવું કરતા હશે?'

'ચૂંટણીમાં જેટલા નાટકો ખેલાય એટલા ઓછા. મતદારો તો બંને તરફથી ખિસ્સા ખારી કરે અને મત આપે ત્રીજાને'

ત્યાં એક હારેલ ઉમેદવાર બોલ્યો...

'અલ્યા, આવી ખબર હોત તો ચૂંટણી ન લડત...'

'ભાઇ મગનીયા, આતો હાર્યા પછીનું ડહાપણ છે. કેમ તારા કાકા-દાદા, મામાએ નહોતું કર્યું કે તું ચૂંટણીના રવાડે ન ચડ... મેં પણ તને સમજાવ્યો હતો... તું કયા કોઇનું માન્યું! જાણે વરઘોડે ચડવું હોય એમ કુદી-કુદીને પરાણે માણસો લઇને ગયો હતો અને હવે બળતાર કાઢશ!'

'મને આવી કયાં ખબર હતી કે કોથળામાંથી બિલાડું નીકળશે!'

'બધા જ જાણતા હતા, પણ તું તો હાથે કરીને હણાયો.'

ત્યાં એક બીજા ઉમેદવાર આવ્યા.

'સાંભળો-સાંભળો... મારી વાત સાંભળો, જયારે મેં ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી ત્યારે આપણું ગામ અને ફરતાં ગામનાં બધાં લોકો મારા નામની જય બોલાવતા હતા અને, 'સરકુદીન તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ' આવું આવું બોલતા હતા.'

'ભલા માણસ, આવું બોલે તોજ તું રૂપિયા ઢીલા કરેને, નહિંતર તું કયા ચોરાસી વરસે ઘામાં આવવાનો હતો? તારા રૂપિયાએ સૌ એ તાગડધિંગા કર્યા અને તને ઘોડે (સૂળીએ) ચઢાવ્યો. તું જ વિચાર કર તે આ ચોરાસી વટાવી, તે કોઇનું ભલું કર્યું છે કે તને મત આપે!'

'તો મેં ફદિયા વેર્યા એનું શું?'

'એ બધા ફદિયાં આખલાઓ ચરી ગયા... જો તારે જોવું હોય તો, હજુ તારા ફદિયા આખલાઓ વાગોળતા હશે.'

'અરેરે! મને આવી કમત કયાથી સુજી...'

'તને નહિ ઘણાને આવી કમત સુજી છે. મુંઝાઇશ નહીં.'

એક ઉમેદવાર આગળ બોલ્યો,

'મારા બેટાઓએ કેવા તાકડો સાંધ્યો! આખા ગામનું હું મુંડન કરતો હતો ને ખરા જ સમે બધાએ મારૂં મુંડન કરી નાખ્યું.'

'કરેજ ને, તારા બાપાએ શું દાટયું હતું તે તું ચૂંટણી લડવા નીકળી પડ્યો!' તારા બાપદાદાએ કોઇદી ચૂંટણી લડી છે તે તું હણાવવા કુદી પડ્યો!'

'અરે, મારા વ્હાલા! તારી વાત સાચી પણ આ વખતે બધા એવું કહેતા હતા કે સારા અને શુધ્ધ ઉમેદવારો ચૂંટાઇ આવશે. એટલે તો મેં ફોર્મ ભર્યું હતું. છતાં એ હું હાર્યો. મતદારોને ખબર જ નથી પડતી કે કોને મત આપવો!'

'હવે બહુ ડા'પણ કર્યા વગર બેહીજા - બેહીજા... તે તો જેટલા કાળા-ધોળા કર્યા છે એટલા કાળા-ધોળા આંખા ગામમાંથી કોઇએ નથી કર્યાં... મોટા ઉપાડે નીકળી પડ્યો 'તો, લે પડ્યોને હેઠો!!!'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૯મી ડિસેમ્બર

● ટૂંકી વાર્તા - નવલકથા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારા ચૂનીલાલ મડિયાની પુણ્યતિથિ - ૧૯-૧૨-૧૯૬૮. ગુજરાતી સાહિત્યમાં ચિર-સ્મરણીય વાર્તાઓનું પ્રદાન કર્યું.

● મહારાષ્ટ્રમાં બાબા આમ્ટેનો જન્મ - ૧૯૧૪.

ભારત જોડો સાયકલ યાત્રા-૧૯૮૫માં યોજી. રક્તપિતિયાની સારવાર કરી આદિવાસીઓ વચ્ચે જઇ વસ્યા અને આજીવન સેવા કરી. સેવાકાર્યમાં મેગ્સેસે પારિતોષિક સહિતના અનેક પારિતોષિકો મળ્યા.

● ૧૭૬૬ - રબર મિશ્રિત વૉટરપ્રુફ કાપડની શોધ કરનારા વૈજ્ઞાનિક ચાર્લ્સ મેકિનશેસનો જન્મ.